જ્યાં સુધી માણસ
પોતાનાથી અજાણ્યો હોય
ત્યાં સુધી એ કોઇને
ઓળખી શકતો નથી
- ઇશોપનિષદ

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૦૬ | ૨૬ જૂન, ૨૦૧૩, બુધવાર; જ્યેષ્ઠ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ઇ-પેપર
gandhinagarsamachar.com

મનપા વધુ ૪ વોર્ડ કચેરીઓ શરૂ કરશે

સ્ટાફ પેટર્નની બીજી દરખાસ્ત અને વોર્ડ કચેરીઓ માટે જગ્યા ફાળવણીની દરખાસ્ત સરકારને મોકલાઈ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા વધુ ૪ નવી વોર્ડ કચેરીઓ શરૂ કરવા અંગેની ગંભીર વિચારણા હાથ ધરવામાં આવી છે. આ અંગેનો નિર્ણય રાજ્ય સરકારને મોકલવામાં આવેલી પૂરક સ્ટાફ પેટર્નની મંજૂરી મળતાં જ લેવામાં આવશે.

ગાંધીનગર મહાનગરપાલિકાની હાલ ચાર વોર્ડ કચેરીઓ કાર્યરત છે. શહેરનો ભૌગોલિક વિસ્તાર ઘણો મોટો હોવાથી તેમજ આગામી દિવસોમાં નવી સેવાઓનું હસ્તાંતરણ થવાની શક્યતાઓને પગલે મનપાના સત્તાવાળાઓ દ્વારા આ વિચારણા હાથ ધરવામાં આવી છે.

મનપાના આંતરિક સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર મનપાને હાલ એક માત્ર સફાઈની સેવા જે આપી છે તેના અસરકારક અમલીકરણ અને મોનીટરીંગ માટે પણ આ વોર્ડ કચેરીઓ જરૂરી છે. બીજુ ૧ા થી ૩ કિ.મી.ના અંતરમાં વોર્ડ કચેરીની સુવિધા ઉપલબ્ધ બને તો પ્રજાજનોની ઘણી બધી મુશ્કેલીઓ મુખ્ય કચેરી સુધી આવ્યા વિના જ ઉકલી જાય.

મનપા દ્વારા નવી વોર્ડ કચેરીઓ તેમજ સ્ટાફ પેટર્નની જે પૂરક દરખાસ્ત શહેરી વિકાસ વિભાગને મોકલી આપવામાં આવી છે અને આ મુદ્દે મનપા અને વિભાગ વચ્ચે એક અધિકારી કક્ષાની બેઠક પણ થઈ ગઈ હોવાનું મનાઈ રહ્યું છે.

હાલ કોર્પોરેશનમાં કર્મચારીઓ નવી ભરતીને લઈ પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવી છે, પરંતુ તે વખતે જે સ્ટાફ પેટર્ન સરકારમાં રજુ કરાઈ હતી તેમાં તત્કાલીન કાર્યરત માળખાને

● અનુસંધાન પાના - ૭ પર

ગાંધીનગર જિલ્લામાં ચોમાસાના પ્રારંભે જ બે થી અઢી ઈંચ જેટલો વરસાદ થઈ જતાં ખેડૂતો દ્વારા વાવણીનો આરંભ થઈ ચુક્યો છે.... વાવણીમાં ખેડૂતો પરંપરાગત ખેતીને બદલે રોકડિયા પાક તરફ વધુ ઝુક્યા છે... જિલ્લામાં આ વખતે ચોમાસામાં ગવાર (દેશી)નું વાવેતર વધારે થશે તેવું મનાઈ રહ્યું છે. આ માટેની વાવણીની કામગીરી પણ શરૂ થઈ ચુકી છે. ચિલોડા વિસ્તારમાં આ વાવણીના પહેરવાની કામગીરી પણ ચાલુ થઈ ગઈ છે. દેશી ગવારના ભાવ સારા મળતા હોવાથી અને સારો વરસાદ થવાની ખેડૂતોને આશા છે. **(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)**

એક જ દિવસમાં ૪૯ હજાર અરજીઓ

એ.ટી.વી.ટી. અંતર્ગત મળેલી આ અરજીઓ એક વિક્રમી આંક છે : તંત્ર

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત સરકારને એક જ દિવસમાં ૪૯ હજાર અરજદારોએ અરજી કરી છે. રાજ્યના મહેસુલ વિભાગ દ્વારા અમલી બનાવવામાં આવેલ સરકારના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ 'આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો' અંતર્ગત આ અરજીઓ ગઈકાલે સરકારને મળી હતી.

મળતી વિગતો પ્રમાણે ધો. ૧૦, ૧૨ના પરિણામો જાહેર થયા તે પછી આવકના દાખલા, જાતિના દાખલા તેમજ અન્ય પ્રમાણપત્રો માટે અરજદારોનો ઘસારો વધવા પામ્યો છે.

૧લી મે થી સરેરાશ ૩૦ થી ૩૫ હજાર જેટલી અરજીઓ મળતી હતી પરંતુ જુન માસમાં આ આંક વધીને ૪૦ હજાર સુધી પહોંચ્યો હતો. પરંતુ ગઈકાલે આંક ૪૯ હજાર અરજીઓ પર પહોંચતા તંત્રમાં પણ ખુશીનો માહોલ છવાઈ ગયો હતો ને લોકોને ઝડપી સેવા મળી રહે તે જોવા માટે જિલ્લાના અધિકારીઓને તાકીદ કરવામાં આવી હતી.

એક જ દિવસમાં ૪૯ હજાર જેટલી અરજીઓ એક વિક્રમજનક આંક છે. વનડે વનડીસ્ટ્રીક્ટ હેઠળ જન્મના, મરણના દાખલા, આવકના દાખલા, જાતિના દાખલા ઝડપથી મળે તે માટે તંત્રના અધિકારીઓને ખાસ તાકીદ કરવામાં આવી છે.

'આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો' એ રાજ્ય સરકારનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટ થકી રાજ્ય સરકાર મહેસુલી સેવાઓના સરળીકરણ સાથે લોકાભિમુખ વહીવટ માટે મહત્વનું પગલું અમલી બનાવ્યું છે. રાજ્ય સરકારે આ પ્રોજેક્ટ માટે ખાસ વિકાસ ગ્રાન્ટ પણ દરેક જિલ્લાને ફાળવી છે જેથી વિકાસના નાના કામો માટે લોકોને રાજ્ય કક્ષા સુધી ધક્કા ખાવા ન પડે.

મેડીકલ કોલેજના કર્મચારીઓનું વેકેશન રદ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મેડીકલ કોલેજમાં દ્વિતીય વર્ષના અભ્યાસક્રમની મંજૂરી માટે પુનઃ મેડીકલ કાઉન્સીલનું ઈન્સ્પેક્શન આવવાની શક્યતાને પગલે કોલેજના કર્મચારીઓનું વેકેશન રદ કરવામાં આવ્યું છે.

કોલેજ સત્તાવાળાઓએ શૈક્ષણિક કર્મચારીઓના વેકેશનમાં ૧૦થી ૧૫ દિવસ જેટલો ઘટાડો કરી તાત્કાલિક ફરજ પર હાજર થવા જણાવ્યું છે. બીજી તરફ સિનીયર રેસિડેન્ટ ડોક્ટરોની ખાલી જગ્યા પર નિમણુંકો આપવા માટે દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુ પણ શરૂ કરી દીધા છે.

ગાંધીનગર મેડીકલ કોલેજમાં દ્વિતીય વર્ષની મંજૂરી હજુ મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાએ આપી નહિ હોવાથી હવે કોલેજ સંચાલકોએ પણ કાઉન્સીલ પર દબાણ બનાવવાની વ્યુહરચના અમલી બનાવવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી વિગતો મુજબ કોલેજમાં પુનઃ ઈન્સ્પેક્શન માટે ટીમ આવવા અંગે હજુ કાઉન્સીલે કોઈ નિર્દેશ આપ્યા નથી પણ કોલેજ સત્તાવાળાઓ હજુ સુધી મંજૂરી મળી નહિ હોવાથી આ શક્યતાને ધ્યાને રાખી કર્મચારીઓના વેકેશનને રદ કર્યુ છે.

કર્મચારીઓ તેમનું વેકેશન ચુંકાવી અને ફરજ પર હાજર થઈ રહ્યા છે. મેડીકલ કાઉન્સીલમાં પુનઃ રજુઆત કરવા માટેના ચક્રો પણ કોલેજ સત્તાવાળાઓએ તૈયારી શરૂ કરી દીધી છે. પુનઃ ઈન્સ્પેક્શનમાં કાઉન્સીલ ટીમ સત્તાવાળાઓ દ્વારા જે પૃચ્છા કરવામાં આવી હતી તે સંદર્ભે થયેલ કાર્યવાહીની તપાસ માત્ર કરશે તેમ મનાઈ રહ્યું છે.

મેડીકલ કાઉન્સીલને કોલેજ એક માસ જેટલા સમય પૂર્વે આવેલી પૃચ્છાઓની પૂર્તતાઓ કરી દીધી છે. બીજી તરફ કોલેજના સંચાલકો અને સરકારના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે પણ આ મુદ્દે બેઠકોનો સિલસિલો શરૂ થઈ ચુક્યો છે.

દરમ્યાન ગાંધીનગર મેડીકલ કોલેજનું મકાન સંપૂર્ણ તૈયાર થઈ ગયું છે અને હવે કોલેજની કચેરીઓ ત્યાં જ કાર્યરત કરી દેવામાં આવશે. જો કે ડીનની એક માત્ર કચેરી સિવિલ હોસ્પિટલ ખાતે કાર્યરત રહેશે તેમ મનાઈ રહ્યું છે.

ધોલેરાસરને ટ્રીટ કરેલું સુએજ આપવા યોજના

અમદાવાદ શહેરના ડોમેસ્ટીક સુએજને રીસાયકલીંગ અને રીયુક કરવા માટે ધોલેરા સ્પેશીયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનને ૪૭૭ એમ.એલ.ડી. જથ્થો વાસણા ખાતેથી પંપીંગ કરીને ધોલેરા પહોંચાડવાના ચક્રો મ્યુનિ. કોર્પોરેશને હાથ ધર્યા છે. સાબરમતી નદીમાં પ્રદુષણ ઓછું થશે, ધોલેરાસરને પાણી મળશે. ધોલેરા સ્પેશીયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનને અમદાવાદના ડોમેસ્ટીક સુએજને સેકન્ડરી ટ્રીટમેન્ટ કર્યા બાદના સુએજને રીસાયકલીંગ-રીયુઝ કરવા માટે ૪૭૭ એમએલડીનો જથ્થો વાસણા ખાતેથી પંપીંગ કરી ધોલેરા પહોંચાડવાના રાજ્ય સરકારના આયોજનથી મ્યુનિ કોર્પોરેશને આપવાની દરખાસ્ત રજુ થઈ છે.

જિલ્લા તંત્ર એ છેલ્લા બે માસમાં ૪ હજાર આવકના દાખલા આપ્યા

સર્વર વારંવાર ખોરવાતું હોવાની ફરિયાદને લઈ સત્તાવાળાઓનું ધ્યાન દોરાયું

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર જિલ્લામાં જ છેલ્લા બે માસ દરમિયાન જિલ્લા કલેકટર કચેરી દ્વારા ૪ હજાર જેટલા આવકના દાખલા અને ૧૫૦૦થી વધુ જાતિના દાખલા આપવામાં આવ્યા છે.

જિલ્લા વહીવટી તંત્ર એ આવકના દાખલા, રહેઠાણના પુરાવા અંગેના પ્રમાણપત્ર તેમજ જાતિ અંગેના દાખલાઓ એ જ દિવસે સાંજ સુધીમાં સૌને ઉપલબ્ધ બને તે જોવા માટે ખાસ તાકીદ કરી છે.

જો કે આ કામગીરીમાં સર્વર ડાઉન વારંવાર થઈ જતી હોવાની ફરિયાદો તાલુકા કક્ષાએથી અને જિલ્લા કક્ષાએથી ઉઠી છે. જિલ્લા તંત્ર એ આ સંદર્ભે એન.આઈ.સી. ને પણ લેખિતમાં રજુઆત કરી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં હજુ ૨૦૦ જેટલી અરજીઓ આવી પેન્ડીંગ પડી છે. જિલ્લામાં આ વખતે આવકના દાખલા મેળવવા માટેના અરજદારોની સંખ્યામાં વધારો થયાનું તંત્રના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આર્થિક રીતે ગરીબો માટે આવાસની જે યોજના અમલી બનાવી છે તે સંદર્ભે પણ આવકના દાખલા મેળવવા માટેનો ધસારો વધ્યો છે. જાતિના દાખલા વિદ્યાર્થીઓને ઝડપથી મળી જાય તે માટે જિલ્લા તંત્ર એ તાલુકા કક્ષાએ આ અંગે શાળાઓમાં જ ખાસ કાર્યક્રમ કર્યો હતો પરંતુ તેમાં આ વર્ષે થોડોક ઉછાળો જોવા મળ્યો છે.

ગુડાની આવાસ યોજનાના પગલે આવકના દાખલાનું પ્રમાણ વધ્યું

ભાડે આપવાનું છે

સેક્ટર-૧૯, સ્વતંત્ર બંગલો, 2 BHK ભાડે આપવાનું છે.

-: સંપર્ક :-
૯૮૨૫૨ ૮૮૩૩૧

LCD TV રીપેરીંગ

આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે

સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ

ફોન : ૨૩૨ ૮૭૧૧૫
મો ૯૭૧૪૧૯૮૩૬૬
મો ૯૪૨૬૨ ૭૦૪૮૧

ગુજરાત સરકારમાં Dy.S.P./ DC / SO TDO / મામલદાર ની નોકરી મેળવો!

GPSC વર્ગ 1/2

જાહેરાત સંભવિત ઓગસ્ટ-2013 | અંદાજીત જગ્યાઓ 1350+ | 100% ગેરંટી પૂર્વકનું શિક્ષણ

બ્રિલિયન્ટ બેચ-2014
ગાંધીનગર શાખા માટે જ
GPSC વર્ગ-1/2 માટે જ ખાસ
પ્રિલિમ/ મુખ્ય લેખિત કે ઈન્ટરવ્યુંના કોઈપણ સ્ટેજે નાપાસ થવાથી
ફી પરતની લેખિત ખાતરી સાથે
પ્રિલિમ : 425 કુલ ● મુખ્ય લેખિત : 908 કુલ

ઈકોનોમિક બેચ-2014
ફક્ત પ્રિલિમ પરીક્ષા માટે જ
FREE

ગાંધીનગર શાખા માટે

11.7.2013	6-45 થી 8-00	સોમ થી ગુરૂ
28.7.2013	6-30 થી 9-00	શનિ / રવિ

મહેસાણા શાખા માટે

18.8.2013	7-30 થી 10-00	શનિ / રવિ
28.7.2013	4-00 થી 6-30	શનિ / રવિ

ખાસ નોંધ : તા. 5 જુલાઈ 2013 થી નવી ફી લાગુ પડશે.

TCCI EDUCATION PVT. LTD.

ગાંધીનગર - 9537614606 | મહેસાણા - 9537614607

વેલકમ હમ દિલસે કરતે હૈ... હોટલ ઘુંઘટનું નવું વધુ એક સોપાન નવવિકસીત ગાંધીનગરમાં

હોટલ મીડલ ટાઉન

ભોજન માટે સ્પેશ્યલ ઈન્ડીયન (પંજાબી), કોન્ટીનેન્ટલ, ચાઈનીઝ, આઈસ્ક્રીમ+ કોલ્ડ્રીંક

એક્ઝીક્યુટીવ લન્ચ : રૂ.૧૯૦
પાવર લન્ચ : રૂ.૧૫૦

એ.સી. બેન્કવેટ હોલ (૨૫૦ વ્યક્તિની કેપેસીટી)

● પાર્કીંગ વ્યવસ્થા
● લીફ્ટની સુવિધા

પ્રમુખ આર્કેડ (ઘ-૦ની આગળ)
ટીસીએસની નજીક, રિલાયન્સ ચોકડી પાસે, કુડાસણ, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૯૨૮૮૮૮૭, ૨૩૨ ૧૩૮૮૭ ● મો. : ૯૭૦૯૨ ૮૮૮૮૩
web : www.hotelmiddletown.com Email : enquiry@hotelmiddletown.com